# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-03-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 132મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શન સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેનું જીવંત પ્રસારણ આકાશવાણી ન્યૂઝ, દૂરદર્શન ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરશે.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

--------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી બેઠક :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, વિતરણ વ્યવસ્થા અને લોકોને તે સરળતા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં ગેસ, પેટ્રોલ, ડીઝલ, ખાતર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરાયો હતો. બેઠક અંગે વધુ માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, શ્રમિકોને મહેનતાણાની ચૂકવણી સમયસર થાય તે અંગે સબંધિત વિભાગોને સૂચના

અપાઈ છે. ઉપરાંત રાજ્યમાં પુરવઠા શૃંખલા જળવાઈ રહે તે માટે મુખ્ય સચિવની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરીય સંકલન સમિતિની રચના કરાશે તેમ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## L.C અંગ્રેજી ભાષામાં:

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓના હિત માટે હવેથી રાજ્યની તમામ શાળાઓમાં લિવિંગ સર્ટિફિકેટ (LC) જે-તે માધ્યમની ભાષા (ગુજરાતી/હિન્દી)ની સાથે ફરજિયાતપણે અંગ્રેજીમાં પણ તૈયાર કરવાનું રહેશે. આ નિર્ણયને કારણે અન્ય રાજ્યો કે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને દસ્તાવેજી પ્રક્રિયા અને ભાષાંતરની મુશ્કેલીમાંથી રાહત મળશે.

અત્યાર સુધી LC માત્ર સ્થાનિક ભાષામાં હોવાને કારણે બહારના રાજ્યોમાં પ્રવેશ મેળવતી વખતે વાલીઓએ નોટરી કે ટ્રાન્સલેશન પાછળ સમય અને નાણાંનો વ્યય કરવો પડતો હતો. નવા માળખાને કારણે હવે દેશવ્યાપી એકસૂત્રતા જળવાશે. જેમાં અપાર આઇડી અને ચિલ્ડ્રન યુનિક આઇડી જેવી ટેકનિકલ વિગતોનો પણ સમાવેશ કરાયો છે.

બાલમંદિરમાંથી ધોરણ-1 માં પ્રવેશ લેતા બાળકોના LCમાં DISE કોડ કે યુનિક આઈડી ન હોય તો પણ સ્કુલ પોતેજ પોર્ટલ ઉપર બાળકની તાજી એન્ટ્રી કરી શાળામાં પ્રવેશ આપવાનો રહેશે.

---------------------------------------------------------------------------------------

## મેઘપર-બોરીચી-મેઘપર કુંભારડી વિકાસકાર્ય:

ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મેઘપર (બોરીચી) અને મેઘપર (કુંભારડી)ના રહેવાસીઓ માટે રૂ.129.00 કરોડના માસ્ટર પ્લાનને રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. આગામી દોઢ થી બે વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થતા હજારો લોકોને ઘરબેઠા પૂરતું પાણી મળતું થશે.

પાણી પુરવઠા યોજના હેઠળ આધુનિક માળખુ ઊભું કરવામાં આવશે, જેમાં મુખ્યત્વે રામબાગ હેડ વોટર વર્કસ પર 56 એમ.એલ.ડી. (MLD) ની ક્ષમતા ધરાવતો આધુનિક ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે,વરસામેડીથી રામબાગ હેડ વોટર વર્કસ સુધી નવી પાણીની મુખ્ય પાઈપ લાઈન નાખવામાં આવશે. મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડીમાં બે નવા

ઇ.એસ.આર. (ESR - પાણીની ઉંચી ટાંકી) બનાવવામાં આવશે,સમગ્ર વિસ્તારમાં કુલ 238 કિલોમીટર લાંબી આંતરિક પાણી વિતરણ લાઈનો નાખવામાં આવશે.

અત્રે ઉલ્લેખીનય છે કે ગાંધીધામ મહાનગરપાલિકાએ રૂ.129 કરોડનો એક પ્રોજેક્ટ તૈયાર કરી રાજ્ય સરકારમાં દરખાસ્ત મોકલી હતી, જેને રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## ગુજકેટ પરીક્ષા:

જિલ્લાના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા આજે રવિવારના ભુજ ખાતે યોજાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષામાં જીલ્લાના 1,993 પરીક્ષાર્થી પરીક્ષા આપશે. કુલ 1993 વિદ્યાર્થીઓમાંથી ગુજરાતી માધ્યમના 771 વિદ્યાર્થીઓની સરખામણીએ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા 1,222 નોંધાઈ છે. આજે યોજાનારી 120 ગુણની આ પરીક્ષા ઓએમઆર પદ્ધતિથી લેવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓની તાર્કિક અને વિષયલક્ષી ક્ષમતાની કસોટી થશે. જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ભુજના 10 પરીક્ષા કેન્દ્રો પર સઘન વ્યવસ્થા ગોઠવીને તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## IPL:

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એ IPLની 19મી સીઝનની શરૂઆત જીત સાથે કરી છે. ગઈકાલે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદને 6 વિકેટથી હરાવ્યું હતું. SRHએ 201 રન બનાવ્યા હતા જવાબમાં RCBએ 15.4 ઓવરમાં જ લક્ષ્યાંક હાંસલ કરી જીત મેળવી હતી.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગ દ્વારા આજે અને આવતીકાલ 30 માર્ચ એમ બે દિવસ યલ્લો એલર્ટ સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉતર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ,

મહીસાગરમાં કમોસમી વરસાદની શક્યતા છે.આજે માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------